ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૩ ડીગ્રી
લઘુતમ : ૨૭.૧ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૯ ટકા

# સે-૮ના બગીચામાં ફુવારાનો આનંદ લેતા બાળકો

## ગરમીનો પારો વધતા ગરમીથી રાહત મેળવા ફુવારામાં છબછબીયા કરતા બાળકોમાં આનંદ અને ઉત્સાહ

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં ગરમીએ જોર પકડયું છે ત્યારે શહેરીજનો ત્રાહિમામ પોકારી ગયા છે અને ગરમીથી રાહત મેળવવા માટે વિવિધ નુસખાઓ અજમાવી રહ્યા છે તેવામાં ગાંધીનગરમાં સેક્ટર-૮ બગીચામાં ફુવારાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. છેલ્લા એક સપ્તાહથી ગાંધીનગર મનપા દ્વારા સુંદર રીતે તૈયાર કરાયેલા આ બગીચામાં નાના બાળકો માટે ફુવારાઓ શરૂ કરી દીધા છે. જેમાં સાંજ પડતા જ શહેરીજનો પોતાના બાળકોને લઈને ફુવારાની મજા માણી રહ્યા છે.

ગાંધીનગરમાં ફુવારાની વ્યવસ્થાઓ તો છે પરંતુ આ ફુવારાની વાત અલગ જ છે. સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં લાઈટિંગવાળા ફુવારાઓનો શહેરીજનો પ્રેક્ષક તરીકે જ લહાવો લઈ શકે છે અને ફુવારાને જોઈને આનંદ માણી શકે





છે જયારે આ સેક્ટર-૮ના બગીચામાં બનાવેલા ફુવારાઓમાં નાના બાળકો વરસાદમાં પલળતા હોય તેમ કલાકો સુધી ફુવારામાં ઉત્સાહ પૂર્વક પલળીને ઉનાળાની ગરમીમાંથી રાહત મેળવી રહ્યા છે. સાંજ પડતાની સાથે બગીચામાં નાના બાળકોથી આ બગીચો ગુંજી ઉઠે છે. આ બગીચામાં નાના બાળકો માટે સીડી, લપસણી, હીંચકો જેવા રમતગમતના સાધનો મુકવામાં આવ્યા છે પરંતુ જયારથી ફુવારા શરૂ કર્યા છે ત્યારથી ફુવારા જ આકર્ષણ જમાવીને બેઠા છે. સૌથી વધારે ભીડ ફુવારાવાળા વિસ્તારમાં જોવા મળે છે. નાના બાળકો ફુવારામાં છબછબિયા મારતા હોય અને માતાપિતા તેમના ફોનમાં વિડિયો બનાવતા હોય તેવા દૃશ્યો જોવા મળે છે. ઉનાળાના વેકેશનમાં નાના બાળકોને ફુવારાની મજા માણવાનો લ્હાવો મળતા બાળકોમાં આનંદ છવાઈ ગયો છે.

ગાંધીનગરમાં બગીચાઓની શોભા કંઈક અલગ જ જોવા મળે છે. દરેક બગીચાની સુંદરતા શહેરને શોભાયમાન કરી મુકે તેમ છે. શહેરીજનો પણ આ ઉનાળાની ગરમીમાંથી રાહત મેળવવા સાંજ પડતા શહેરના બાગ બગીચામાં ફરતા નજરે પડી રહ્યા છે. શહેરમાં મહાનગપાલિકા દ્વારા બનેલા આ બગીચામાં ફુવારાના કારણે હાલમાં શહેરીજનોનો ધસારો વધી રહ્યો છે. આ ઉપરાંત ઉનાળુ વેકેશન પડવાથી નગરજનો રાત્રે બહાર જવાનું પસંદ કરી રહ્યા છે તેથી બાગ બગીચાઓમાં અવરજવર વધી રહી છે.

## રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા ફિઝીયોથેરાપી સેન્ટર ખાતે ભેટ અર્પણ



ગાંધીનગર, તા.૩૦

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પૂર્વ પ્રમુખ યશવંતભાઈ જોશીના સહયોગથી સંસ્થા દ્વારા રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા સંચાલિત કમળાબેન ફિઝીયોથેરાપી સેન્ટર - નવા નરોડા ખાતે ૫ સ્ટીક તેમજ ૨ વોકર અર્પણ કરવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ અમીબેન શાહ, સેક્રેટરી પાર્થ ઠક્કર, રોટે. શ્રી યશવંતભાઈ જોશી, રોટે. મનોજભાઈ સરૈયા, રોટે. અશ્વિનભાઈ શર્મા અને ડો. નિધી પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના પદાધિકારીઓ દ્વારા નજીકની હોસ્પિટલની મુલાકાત લઈને ફિઝીયોથેરાપી માટે જરુરી સેવા આપતા સેન્ટર અંગે ડોકટરોને માહિતીગાર કરાવવામાં આવ્યા હતા.

## ગુજરાત સ્થાપના દિવસની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના NSS યુનિટના વિદ્યાર્થીઓ દ્વારા ઉજવણી

### સાથે સાથે વિશ્વ લેબર દિવસની પણ ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કૉલેજઓફ બીજનેસ એડમીનીસ્ટ્રેશન(બીબીએ) ના વિદ્યાર્થીઓ દ્વારા વેકેશન દરમ્યાન ગુજરાત રાજ્ય ના સ્થાપના દિવસ ની ઉજવણી કરી હતી અને મહારાષ્ટ્ર દિવસની પણ શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ તેમજ પ્લેસમેંટ અને ટ્રેનિંગ કમિટિનાં હેડ ડો.જયેશ તન્ના પસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી એ વિદ્યાર્થીઓ ને તેમના પ્રેરક ઉદબોધન માં ગુજરાત એક સફળ અર્થતંત્ર કેમ બની શક્યું છે. તેના પર વિશેષ ભાર મુક્યો હતો. તેમજ ગુજરાત ના આર્થિક વિકાસ દર ની અન્ય રાજ્યો સાથે સરખામણી અને ગુજરાતના અનેક હકારાત્મક પાસાઓની છણાવટ કરી હતી.



તેમજ સાંપ્રત સમયમાં અર્થતંત્ર ની સામે ના પડકારો બાબતે ચર્ચા કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને પણ આ વિકસિત રાજ્યની ઉત્તરોતર પ્રગતિની યાત્રામાં ઉત્સાહપૂર્વક જોડવા ઈજન આપ્યું હતું. ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને ગુજરાતી વિશ્વમાં જ્યાં પણ હોય બેસ્ટ મેનેજમેન્ટ કરી શકે છે તેની વિસ્તૃત માહિતી આપી હતી. ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા દ્વારા ગુજરાત ના સ્થાપના થી લઈ સાંપ્રત સમય સુધી ની રાજકીય સફર બાબતે રસપ્રદ છણાવટ કરી હતી. વિદ્યાર્થીઓએ આજના દિવસે ગુજરાત ની સ્થાપના માટે બલિદાન આપનાર નામી અનામી સૌ પ્રત્યે કૃતજ્ઞતા નો ભાવ વ્યક્ત કર્યો હતો અને ગાંધીજી, સરદાર સાહેબ, રવિશંકર મહારાજ, ઈન્દુલાલ યાજ્ઞિક સહીત વિવિધ ક્ષેત્ર ના બેસ્ટ ગુજરાતીઓ ને યાદ કર્યા હતા. સાથે સાથે મજૂર દિવસ ના ઈતિહાસ ની પણ છણાવટ કરી હતી.વિદ્યાર્થીઓને આજના દિવસે મહારાષ્ટ્ર રાજ્યના સ્થાપના દિવસ તેમજ વિશ્વ શ્રમ દિવસ બાબતે પણ માર્ગદર્શન આપવા માં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ તેમજ ઉપાચાર્ય ડો.જયેશ તન્નાના માર્ગદર્શન હેઠળ ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

## આજે સે-૭-એ વસાહત મંડળ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

સેકટર-૭-એ વસાહત મંડળ દ્વારા ગુજરાત સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે ક્રિકેટ ટૂર્નામેન્ટ- **VPL**નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગિરનાર ટીમ અને પાવાગઢ ટીમ એમ બે ટીમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગિરનાર ટીમના કેપ્ટન ભદ્રેશ શાહ અને પાવાગઢ ટીમના કેપ્ટન તેજસ ગાંધી છે. અશોક પટેલ અને વિનોદ રાવલ એમ્પાયર તરીકેની ભૂમિકા ભજવશે. રવિવારે સવારે ૭ થી ૧૦ વાગ્યે મહાત્મા ગાંધી ચોક ખાતે ખેલાડઓને પ્રોત્સાહિત કરવા અને આયોજનને બિરદાવવા વસાહત મંડળના પ્રમુખ જશવંત ગાંધી અને વસાહત મંડળ પરિવાર દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું હતું.

## અબોલ પશુઓની મુંગા મોઢે સેવા કરતા જીવદયાપ્રેમી મનોજ જોષી



ગાંધીનગર, તા.૩૦

પર્યાવરણ સુરક્ષા અને જીવદયા પ્રેમી મનોજભાઈ જોષીએ અરુણોદય સેવા ટ્રસ્ટ, ગાંધીનગરના સૌજન્યથી નિર્મોહી આશ્રમના મહંત મોહનદાસજીને આશ્રમમાં વિશાળ સંખ્યામાં આવતા અબોલ પશુ પક્ષીઓ માટે મોટી સંખ્યામાં માટીની પાણીની પરબ ભેટ આપી અબોલ પશુ પક્ષીઓની સેવાનું ઊત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

## શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા શ્રી પરશુરામ દાદા ની શોભાયાત્રાનો આખરી ઓપ આપવા માટે મિટિંગ યોજાઈ



ગાંધીનગર, તા.૩૦

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા શ્રી પરશુરામ દાદા ની શોભાયાત્રાનો આખરી ઓપ આપવા માટે મિટિંગ યોજાઈ હતી. આ મિટિંગ દરમિયાન પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી એ તમામ સભ્યો હોદ્દેદારો નું અભિવાદન કરી આજદીન સુધીમાં પૂર્ણ થયેલ કાર્યો અને અને થોડા બાકી રહેલ કાર્યોની વિગત આપી અને જવાબદાર સભ્યોને જલ્દી થી પૂર્ણ કરી દેવાની તાકીદ કરી હતી અને સાથે સાથે પુરા થઈ ગયેલા કાર્યો ની જાણ કરી હતી. શોભાયાત્રાના રૂટ ની ઝાંખી આપી હતી સાથે સાથે દરેક રૂટ દરમ્યાન શોભાયાત્રા ને આવકારવા અને પૂજા કરવા માટેની તૈયારી વિશે સૂચન કર્યું હતું. સાથે સાથે ગાંધીનગર શહેર ના તમામ બ્રાહ્મણ બંધુ અને અન્ય શહેરીજનોને જોડાવા માટે આમંત્રણ આપ્યુ હતું અને જણાવ્યું હતું કે શહેરમાં પરશુરામ દાદા ની શોભાયાત્રાનો ઉત્સાહ દેખાઈ રહ્યો છે તે જોતા શોભાયાત્રામાં ભારે મોટી સંખ્યામાં બ્રહ્મ બંધુઓ તથા અન્ય જ્ઞાતિજનો પણ શોભાયાત્રા માં જોડાઈ ને સફળ બનાવશે. બ્રહ્મ સમાજ ગાંધીનગરના મુખ્ય સંગઠક અશ્વિનભાઈ ત્રિવેદી એ પણ પ્રમુખ દ્વારા પરશુરામ દાદાની શોભા યાત્રાને સફળ બનાવવા તમામ શહેરીજનોને જોડાઈ જવા આમંત્રણ આપ્યુ હતું. પરશુરામ દાદાની શોભાયાત્રાના મુખ્ય કો ઓર્ડીનેટર હિમાંશુ ભચેચ તમામ સભ્યો હોદ્દેદારોને તૈયારી ની વિગતો આપી હતી. ગાંધીનગરમાં પ્રારંભ થઈ રહેલ બ્રહ્મ એકેડમીના મહાનુભાવો નિતિનભાઈ પી ત્રિવેદી પ્રમુખ, અતુલભાઈ મહેતા મંત્રી, ભાવેશભાઈ દવે સંગઠન મંત્રી, અમરિશભાઈ મહેતા ઉપપ્રમુખ, એન એન. દવે સહ મંત્રી મહાનુભાવોનું સુનિલભાઈ, અશ્વિનભાઈ તથા મનીષભાઈ જાની, વિપુલભાઈ ઠાકર અને ઘનશ્યામભાઈ ત્રિવેદી એ શાલ ઓઢાઢી સન્માન કર્યુ હતું. આ મિટિંગમાં સમસ્ત બ્રહ્મ સમાજ રાજય કક્ષાના સભ્યો હોદ્દેદારો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## શ્રીસ્વામિનારાયણ પોલિટેકનિક ખાતે વિદ્યાર્થીઓ માટે કેમ્પસ પ્લેસમેન્ટ ઈન્ટરવ્યુ યોજાયું



ગાંધીનગર, તા.૩૦

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે ડિપ્લોમા એન્જિનિયરિંગની ઓટોમોબાઈલના એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે જર્મન કંપની સ્કોડા ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપની (સર્વિસ અને ડીલરશીપ સેન્ટર, બોપલ, અમદાવાદ) દ્વારા તારીખ ૩૦ એપ્રિલ ૨૦૨૨ ના રોજ કેમ્પસ ઈન્ટરવ્યુ યોજવામાં આવ્યું હતું. જેમાં કોલેજના ૨૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. શરૂઆતમાં કંપનીના જીગ્નેશભાઇ (એચ.આર- સિનિયર એક્સિક્યુટીવ) દ્વારા વિદ્યાર્થીઓને કંપની વિશે માહિતી આપવામાં આવી હતી. જેમા પ્રથમ રાઉન્ડના લેખીત પરીક્ષાના અંતે ૧૦ વિદ્યાર્થીઓની પંસદગી કરવામાં આવી હતી. ત્યારબાદ બીજા રાઉન્ડમાં ૫ જેટલા વિદ્યાર્થીઓની ફાઈનલ પ્લેસમેન્ટ માટે પસંદગી કરવામાં આવી હતી. સમગ્ર કેમ્પસ ઈન્ટરવ્યુનું સંસ્થાના પ્રિન્સિપાલ, એકેડમિક ડાયરેક્ટર અને સ્ટાફ દ્વારા સફળ આયોજન કરી સંપન્ન કરવામાં આવ્યું હતું.

# શહેરમાં શુધ્ધ પાણીનો વેડફાટ યથાવત

## એક અઠવાડિયાથી સે-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં પાણીની પાઈપલાઈન લીકેજ થવાથી પીવાનું પાણી વેડફાઈ રહ્યું છે

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં જીઆઈડીસી, સેકટર-૨૮ વિસ્તારમાં નવી પાણીની પાઈપ લાઈનનું કામ કરતા કરતા શુધ્ધ પાણીની પાઈપલાઈન લીક થઈ જતા એક સપ્તાહથી શુધ્ધ પીવાનું પાણી વેડફાઈ રહ્યું છે. આ ઉનાળાની ગરમીમાં કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીના વલખા જોવા મળે છે જયારે અહીંયા પીવાના પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. કહેવાય છે કે જળ એજ જીવન... જીવન જીવવા માટે પાણી અનિવાર્ય છે. આપણી આ ધરતીનો ૭૦ ટકા જેટલો ભાગ પાણીમાં રહેલો છે. છતાં મીઠું પાણી લગભગ ૩૦ ટકા જ છે. બાકી બધું પાણી દરિયામાં આવેલું ખારું પાણી છે. એટલે આ મીઠું પાણી જે ૩૦ ટકા છે તેને બચાવવું ખૂબ જ અનિવાર્ય છે.

જળ છે તો જીવન છે. મનુષ્ય આ ધરતી પર શુધ્ધ હવા લઈ રહ્યો છે તે ફકત જળના કારણે લઈ રહ્યો છે ઘણી જગ્યાએ તો માત્ર પ્રદૂષિત હવા જ છે. પાણી હશે તો શુધ્ધ હવા લઈ શકશો પાણીથી પર્યાવરણ બનશે ત્યારે તમે શુધ્ધ ઓકિસજન લઈ શકશો. પાણી હશે તો ખેતી થશે અને ખોરાક લઈ શકશો પરંતુ આ દશ્યો જોઈને પાણીની કંઈ કિંમત નથી



તેવું દેખાઈ રહ્યું છે.

એક ટપકતા નળથી ૧૦ સેકન્ડે એક ટીપું બરબાદ થઈ જવાથી મહિને ૭૬૦ લિટર પાણી વેડફાઈ જાય છે. સીધા નળ નીચે નાહવાથી ૯૦ લીટર પાણી વેડફાઈ જાય છે. નળ સારી રીતે બંધ ન કરવાથી ૪૬ હજાર લીટર વાર્ષિક પાણી વેડફાઈ જાય છે.

વર્તમાન સમયગાળામાં પીવાના પાણીની ઘણા વિસ્તારોમાં અછત છે ત્યારે શહેરમાં પીવાના પાણીનો વેડફાટ થતો જોઈને ફરિયાદ કરવા છતાં તંત્ર દ્વારા કોઈ ઉકેલ લાવવામાં આવતો નથી. સરકાર તરફથી જળ બચાવો અભિયાન બહાર પડાય છે પણ અહીંયા સરકારી તંત્ર દ્વારા જ પીવાના પાણીનો વેડફાટ કરવામાં આવી રહ્યો છે. ઉનાળાની આ ગરમીમાં પણ વરસાદ પડ્યો હોય તેમ પાણીના ખાબોચીયા થઈ ગયા છે.

હાલમાં જ ૨૨મી માર્ચે વર્લ્ડ વોટર ડેની ઉજવણી કરી પાણી બચાવો માટેના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. જે એક માસમાં જ પાણીનો વ્યય થતા દશ્યો જોઈને નિષ્ફળ સાબિત થાય છે. પાણીને બચાવો તો પાણી આપણને બચાવશે. ભૂગર્ભ જળ નીચે પાણી ગયું તો આપણા સુખના દિવસો પણ ગાયબ થઈ જશે. જેમ ટીપે ટીપે સરોવર ભરાય તેમ વિચારી, વિચારીને પાણી વપરાય એક વાર વહી ગયેલું પાણી વીતી ગયેલા સમયની જેમ કયારેય પાછું આવતું નથી. 'સેવ વોટર-સેવ અર્થ' જળ છે તો જીવન છે. જળનું જતન કરો જળની કિંમત સમજો.

## જન્મદિને વધામણી



**તુલસીભાઈ ખુબાજી માલી**
અધ્યક્ષ, રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ ગાંધીનગર,
મો. ૯૪૨૬૫ ૯૦૩૭૨



**લક્ષ્મીબેન તુલસીભાઈ માલી**
મો. ૯૯૭૪૯ ૬૬૪૭૫



**પર્વ અંકિત પંડ્યા**
મો. ૯૯૯૮૭ ૧૬૮૨૭



**પરમાર રસીલાબેન કે રેડક્રોસ**



**પ્રજાપતિ નિરમાબેન એચ રેડક્રોસ**



**ક્રિસ પરમાર**



**કંચનબેન જયંતિલાલ શાહ**
મો. ૮૧૪૧૦ ૨૯૪૯૧



**જીવણભાઈ એલ. પરમાર**
મો. ૯૫૫૮૮ ૦૨૫૮૦

## ચિરવિદાય

● મુક્તિધામ ●

● સ્વ. રૂપાલા અનુશ્રી ભરતકુમાર, ઉ.વ. ૩૦, સેક્ટર-૨૬